અપીલ અરજી નં.૩૭૩ તા.૩–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૧૧ની અરજીથી સુ.મ.પાના સેન્ટ્રલઝોન બેગમપુરા, મહિધરપુરા, ગલેમંડી, સૈયદપુરા, નવાપુરા, ઈન્દરપુરા, ગોપીપુરા, સગરામપુરા, મંછરપુરા, આમલીરાન, વાડીફળીયા, વાળા તમામ વિસ્તારની ગલી ગલીમાં ચાલતા જરી ગીલીટના એકમોવાળા કારખાનાના માલીકોએ જરીગીલીટમાં વપરાતા જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ) ની પરવાનગી સુ.મ.પા ના સંબંધિત વિભાગો પાસે **BPMC** એકટ કલમ ૩૭૬(૧) મુજબ રાખવા માટે પરવાનગી લેવામાં આવેલ છે તો આ તમામ જરીગીલીટના એકમોવાળા કારખાનાના માલીકો જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ)નો રાખવા માટે ઉપયોગ કરે છે કે જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ) નો વપરાશ કરે છે તેનો રેકોડ મેન્યુલ આધારીત અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૩–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૩/૨૦૧૦–૧૧.

શ્રી હેમંત એન. દેસાઈની તા.૨૭–૧–૧૧ની અરજીથી સુ.મ.પાના સેન્ટ્રલઝોન બેગમપુરા, મહિધરપુરા, ગલેમંડી, સૈયદપુરા, નવાપુરા, ઈન્દરપુરા, ગોપીપુરા, સગરામપુરા, મંછરપુરા, આમલીરાન, વાડીફળીયા, વાળા તમામ વિસ્તારની ગલી ગલીમાં ચાલતા જરી ગીલીટના એકમોવાળા કારખાનાના માલીકોએ જરીગીલીટમાં વપરાતા જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ) ની પરવાનગી સુ.મ.પા ના સંબંધિત વિભાગો પાસે **BPMC** એકટ કલમ ૩૭૬(૧) મુજબ રાખવા માટે પરવાનગી લેવામાં આવેલ છે તો આ તમામ જરીગીલીટના એકમોવાળા કારખાનાના માલીકો જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ)નો રાખવા માટે ઉપયોગ કરે છે કે જવલનશીલ પદાર્થો (કેમીકલ્સ) નો વપરાશ કરે છે તેનો રેકોડ મેન્યુલ આધારીત અભિપ્રાય આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૬૯૩ તા.૨૩/૨/૧૧ થી આપવામાં આવેલ માહિતી ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તેમજ આ અંગે સ્થાનિક કાયદા જોગવાઈ હેઠળ હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૯૭ તા.૧૦–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં જણાવેલ બાબતે હકીકતલક્ષી માહિતી જોઈએ છે કે જાહેર માહિતી અધિકારીનો અભિપ્રાય તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૪–૩–૧૧ નો પૂરક વિગત અંગેનો પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૭–૧–૧૧ ની અરજીથી વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૬૯૩ તા.૨૩–૨–૧૧ થી " આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે અભિપ્રાય કે કારણો આપવાના રહેતા નથી. " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/૧૬૯૩ તા.૨૩–૨–૧૧ ની મળેલી માહિતી ખોટી હોવાનું જણાવી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૩–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં (૧) અપીલના આધાર તરીકે જે માહિતી આપવામાં આવેલ છે તે ખોટી છે અને માહિતી છુપાવવામાં આવેલ છે. (૨) આરટીઆઈ એકટની જોગવાઈના ભંગ અંગે કાનૂની હુકમ કરશો અને માહિતી અપાવશો. (૩) માહિતી અધિકાર –૨૦૦૫ એકટ નં.૨૨ મંજુરીની તા. ૧૫–૬–૦૫ ના પ્રકરણ–૧ પ્રાથમિક કલમ–૨ વ્યાખ્યાઓની એકટમાં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં માહિતી અધિકારી તરફથી અભિપ્રાય આપવામાં આવેલ નથી. (૪) સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ તરફથી જરી ગીલીટવાળા તમામ એકમોને બીપીએમસી એકટ કલમ–૩૭૬(૧) મુજબ સેલો, લેકર, સ્પીરીટ, એસીડ, પોટેશીયમ સાઈનાઈટ ના પરવાના રાખવા માટે આપવામાં આવેલ છે તે સેન્ટ્રલઝોનના તમામ વોર્ડ ઓફિસના આરોગ્ય વિભાગ પાસે રેકર્ડ હોવા છતાં આપવામાં આવેલ નથી તેમજ આ પરવાનોનો જે ભંગ કર્યો છે જે ચેક પણ સમયાંતરે કરવામાં આવતા નથી. પરવાના આપનાર અધિકારીની ફરજમાં આવે છે કે જે વ્યકિત સુરત મહાનગરપાલિકા પાસે પરવાનો મેળવેલ છે તે પરવાનાનું પાલન કરે છે કે નહીં. (૫) વોર્ડ નં.૪ એ ના આરોગ્ય વિભાગ પાસે અગાઉ આઈ ડી નં.૭૫૧ તા.૮–૧–૦૮ થી જે માહિતી માંગેલ કે વોર્ડ નં.૪ એના આરોગ્ય વિભાગે જિલ્લામાં કેટલા જરી ગીલીટવાળા

એકમોને જવલનશીલ પદાર્થ કે કેમીકલના પરવાના આપવામાં આવેલ છે જેમાં કાયદેસરના કેટલા પરવાના આપવામાં આવ્યા છે અને ગેરકાયદેસર પરવાના વગર જવલનશીલ પદાર્થ કેમીકલ્સ વપરાશ કરેલ છે તે બાબતે જરૂરી લીસ્ટ આપવામાં આવેલ. તેમ છતાં જાહેર માહિતી અધિકારી જણાવે છે કે રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું કઈ રીતે માનવામાં આવે અને માહિતી છુપાવવામાં આવે છે. જે બાબતે અરજદારને તે માહિતી તેમની અરજી તા.૮–૧–૦૮ ના રોજના અનુસંધાને આપેલ હોવાનું સ્વયં અરજદારે અપીલ પત્રમાં જણાવેલ છે. વધુમાં અરજદારે તા.૧૪–૩–૧૧ ની પૂરક વિગતોમાં માહિતી નહીં પણ અધિકારીના અભિપ્રાય આપવાની રજૂઆત કરેલ છે અને અરજદારે અભિપ્રાય મેળવવાનો આગ્રહ રાખેલ છે. જેમાં અરજદારે કારખાના માલિકો ધ્વારા જવલનશીલ પદાર્થો (કેમીકલ) નો રાખવા માટે ઉપયોગ કરે છે કે વપરાશ કરેલ છે તેનો રેકર્ડ આધારીત અભિપ્રાય માંગેલ છે. વધુમાં અપીલના આધારમાં પણ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) મુજબ અભિપ્રાય ની જોગવાઈ હોવા છતાં અભિપ્રાય આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતીમાં ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે અભિપ્રાય કે કારણો આપવાના રહેતા નથી તેવી માહિતી પૂરી પાડેલ છે. જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે પરંતુ પ્રસ્તુત કેસમાં અરજદારે બીપીએમસી એકટની કલમ–૩૭૬ (૧) નો હવાલો આપી અર્થઘટન બાબતનો અભિપ્રાય માંગેલ હોઈ તેવું તેમની મુળ અરજી અને અપીલ અરજી પરથી ફલિત થાય છે.

અરજદારની અરજીની રજૂઆત બાબતે તેમની તા.૧૪–૯–૧૦ ના રોજ મુળ અરજીના અનુસંધાને આવેલ અપીલ નં. **SMC/FAP/** નં.૨૨૫/૨૦૧૦–૧૧ તા.૧૯–૧૦–૧૦ થી આ બાબતેનો હુકમ નં.૧૦૨૭ તા.૮–૧૨–૧૦ થી વિગતવાર કરવામાં આવેલ છે. જે અનુસાર જથ્થો ગોડાઉન સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તેની છે. જાહેર માહિતી અધિકારીએ તે બાબતે માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પણ બાબત હેઠળની મિલ્કત અને લાયસન્સ સબંધે જથ્થો સંગ્રહ કરવાનો પરવાનો આપ્યાનું સંખ્યા સહિત અગાઉ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. સાથે બીપીએમસી એકટની કલમ–૩૭૬ હેઠળ રાખવામાં આવે છે. તે પણ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. કલમ–૩૭૬ ની જોગવાઈ ધ્યાને લેતાં પરવાનો આપેલ જથ્થા સિવાય વધુ માત્રામાં જથ્થો રાખી નહીં શકાય અને ૩૭૬ (૧) (એ)(૨) માં ઘરગથ્થુ વપરાશ સિવાય કોઈ પણ હેતુ માટે અથવા વેચાણ માટેનો પણ ઉલ્લેખ છે. સાથે ૩૭૬(૭) માં જે પરવાનો આપેલ છે તે ઉપયોગ માટે આપેલો છે. તેની તપાસણી કરવા સત્તા કમિ.શ્રીને આપવામાં આવેલ છે જેનાથી આપેલા પરવાના જથ્થા સંગ્રહ અને ઉપયોગ બંને હેતુનો સમાવેશ થતો હોવાનું અનુમાનિત છે. જે ધ્યાને લેતાં પરવાનો હેઠળ જથ્થો પરવાનાધારક સંગ્રહ અને ઉપયોગ બંને નિયત માત્રામાં પરવાના શરતોને આધીન કરી શકે તેવું થાય. ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદારની સુરક્ષિત રાખવામાં આવે છે કે વપરાશ કરવામાં આવે છે તેવી માહિતીની માંગણી કાયદાકીય જોગવાઈ સાથે સુસંગત નથી. અને તે અંગે અરજદારની અપીલ અંગે તકરાર તર્કબધ્ધ કે બુધ્ધિગમ્ય જણાતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ ઉપર નોંધ વિભાગ કે અન્ય કોઈ વિગતે રીમાર્કસ/શેરા કે અભિપ્રાય આપેલ હોય તો તેવો રેકર્ડ પૂરો પાડવાનો હોય છે પરંતુ કાયદાકીય જોગવાઈ કે કલમ અંગેના અર્થઘટન બાબતે કોઈ અભિપ્રાયો આપવાના રહેતા નથી જેથી જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર આરટીઆઈના કાયદા સાથે સુસંગત છે. તેથી માહિતી અધિકારીનો નિર્ણય ગ્રાહય રાખી અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,